# સીનીયર સબએડીટર અને માહિતી મદદનીશની જાહેરાતમાં સુધારો

માહિતી નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા સીનીયર સબએડીટરની ૩૧ જગ્યાઓ અને માહિતી મદદનીશની ૩૧ જગ્યાઓની ભરતી માટે તા.૨૪/૦૯/૨૦૧૫ના રોજ જાહેરાત ક્રમાંકઃ૧/૨૦૧૫-૧૬ અને જાહેરાત ક્રમાંકઃ ૨/૨૦૧૫-૧૬ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ઉક્ત જગ્યાઓની ભાગ-૧, પ્રીલિમિનરી પરીક્ષા તા.૨૮/૦૧/૨૦૧૭ના લેવામાં આવી હતી.

ઉપરોક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોનું સામાન્ય વહીવટ વિભાગના સંબંધિત ઠરાવો (કે જેની સૉફ્ટકોપી માહિતી નિયામક કચેરીની વેબસાઈટ www.gujaratinformation.net ઉપર મૂકવામાં આવેલ છે) પરત્વે ધ્યાન દોરતાં જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવના ફકરા ક્રમાંકઃ ૩માં નિયત કરેલી શરતો પરિપૂર્ણ કરનાર "રમતવીર ઉમેદવારો" ને, વર્ગ-૩ની સરકારી સેવામાં પસંદગી માટે પાત્ર ગણવા માટે તેઓએ પ્રાપ્ત કરેલ ગુણમાં ૫% ગુણ ઉમેરી આપવાની સામાન્ય વહીવટ વિભાગના તા.૨૧/૦૨/૨૦૧૪ના ઠરાવમાં જોગવાઈ કરવામાં આવી છે.

સીનીયર સબએડીટર અને માહિતી મદદનીશની જગ્યાઓ માટે અરજી કરતી વખતે ઉમેદવારો પાસેથી આ અંગેની જરૂરી વિગતો મેળવવામા આવેલ ન હતી. આથી સામાન્ય વહીવટ વિભાગના, www.gujaratinformation.net ઉપર મૂકવામાં આવેલા ઠરાવો અન્વયે જે ઉમેદવાર "રમતવીર ઉમેદવાર" તરીકે લાભ મેળવવાપાત્ર થતાં હોય તેવાં ઉમેદવારોને તે અંગેના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે તા.૨૭/૦૬/૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે લેખિત રજૂઆત મોકલવા જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ, ભરતી સમિતિ,

માહિતી નિયામકની કચેરી,

૧૯/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

તા.૨૭/૦૬/૨૦૧૭ બાદ મળેલ કોઈ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, તેની નોંધ લેવા સંબંધિત સર્વે ઉમેદવારોને જણાવવામાં આવે છે.

સભ્ય સચિવ,

ભરતી સમિતિ,

માહિતી નિયામકની કચેરી